
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડિયર, આ વેલેન્ટાઈન-ડે પર જેટલો પ્રેમ કરવો હોય તેટલો કરી લઈએ... આવતા વર્ષ સુધીમાં આપણો વિચાર બદલાઈ શકે....!!!

# બિનઅનામત મહિલા ઉમેદવારોનો સ્વર્ણીમ પાર્કમાં અડીંગો

ગાંધીનગર, તા.૧૩

એલઆરડી ભરતી મુદ્દો સરકાર માટે કોયડા સમાન બની ગયો છે. એક તરફ અનામત વર્ગની બહેનો ૧-૯૮-૧૮ નો પરિપત્ર રદ કરવાની માંગ સાથે છેલ્લા બે માસથી વધુના સમયથી સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરી રહી છે. તો બીજીતરફ બિન અનામત મહિલા ઉમેદવારો પરિપત્રમાં સુધારો ન કરવાની માંગ કરી રહી છે. ત્યારે હાલની સ્થિતિએ સરકારી તંત્રની હાલત સુડી વચ્ચે સોપારી જેવી થવા પામી છે. બુધવારના રોજ બિન અનામત મહિલા ઉમેદવારોએ શહેરના માર્ગો પર પોતાનો અડીંગો જમાવી દીધો હતો. જયારે હાલના સમયે તો શહેરના સ્વર્ણીમ પાર્ક ખાતે સરદાર પટેલના સ્ટેચ્યુ પાસે બિન અનામત મહિલા ઉમેદવારો વિરોધ પ્રદર્શન કરી રહી છે. ત્યારે બુધવારના રોજ સેકટર-૧૨ ઉમિયા ધામ ખાતે મળેલી ચિંતન શિબિર બાદ બિન અનામત મહિલા ઉમેદવારોના આંદોલને ગતિ પકડી હતી. જેમાં સાંજના સુમારે કલેકટર કચેરીની સામે, ત્યારબાદ ચાલતી ચાલતી જતી ઉમેદવારોએ એસટી ડેપો પાસે માર્ગ પર જ અડીંગો જમાવી દીધો હતો. પોલીસે રાત્રીના સમાજના આગેવાનોની અટકાયત બાદ છુટકારો કરતા રાત્રીના ૩ વાગે મહિલા ઉમેદવારો સમજાવટથી ઉમિયા મંદિર પરત ફરી હતી. જયારે ગુરુવારના રોજ સવારે ૭ વાગે સ્વર્ણીમ પાર્ક ખાતે સરદાર પટેલના સ્ટેચ્યુ પાસે મહિલા ઉમેદવારોએ મોરચો માંડી દીધો હતો. દિનેશ બાંભણીયા અને રાજ શેખાવતની આગેવાનીમાં એલઆરડી બિન અનામત મહિલા ઉમેદવારોનું આંદોલન ચાલી રહ્યું છે. ત્યારે રાજયના દરેક જિલ્લામાં આંદોલન ગતિ પકડે તે માટે સ્થાનિક કક્ષાએ સમિતિઓની રચના કરાઈ છે.



## વાત-વાતમાં.....

- ગાંધીનગરની પંડિત દિન દયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે પૂર્વ ક્રિકેટર મુનાફ પટેલ પધાર્યા હતા. પીડીપીયુ ખાતે ઉજવાઈ રહેલા રમતોત્સવ ''પેટ્રોકપ-૨૦૨૦''ના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમણે હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.
- શહેરમાં ચો તરફ આંદોલનો ચાલી રહ્યાં હોય તેવો માહોલ સર્જાયો છે. એક તરફ સેકટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે એલઆરડીના અનામત વર્ગની મહિલાઓ, આદિવાસીઓ તથા માલધારીઓ તેમના અલગ અલગ તંબુ તાણીને બેઠાં છે તો બીજી તરફ એલઆરડીના બિન અનામત વર્ગના ઉમેદવારો સહિત ટેકેદારોએ સ્વર્ણિમ પાર્ક ખાતે ધામા નાંખ્યા છે.

## વડરાડ સ્થિત સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર વેજીટેબલ્સની ખેડૂતોએ મુલાકાત લીધી



ચિલોડા, તા. ૧૩

પ્રાંતિજ તાલુકાના વડરાડ સ્થિત ગામે ઈઝરાયેલ-ભારતની ભાગીદારી તથા મશાવ અને બાગાયત મિશન દ્વારા અમલીકૃત ઈન્ડો-ઈઝરાયલ એગ્રી કલ્ચરલ પ્રોજેક્ટ શાકભાજીના ઉત્કૃષ્ટતા કેન્દ્રની બાગાયત ખાતુ ગાંધીનગર દ્વારા ચિલોડા-મહુન્દ્રાના ખેડૂતની એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ તાલીમ વર્ગમાં ચિલોડા મહુન્દ્રાના ૫૮ ખેડૂતોએ અદ્યતન પ્લગ નર્સરી, શાકભાજીનું ધરૂ-ઉછેર કેન્દ્ર, રક્ષિત ખેતીના વિવિધ નિદર્શનો, ચોકસાઈપૂર્વક ખેતીના નિદર્શનો, મોડલ પેકીંગ હાઉસ, પ્રાકૃતિક ખેતી હાઈટેક નર્સરીમાં શાકભાજીનો પ્લગટ્રેમાં ધરૂ ઉછેર પદ્ધતિ, શાકભાજીના ગ્રેડીંગ, પેકીંગ અને કાપણી પછી વ્યવસ્થાપન ગ્રીન નેટહાઉસ સોલાર કોલ્ડસ્ટોર, બાયોગેસ પ્લાન્ટ વગેરેની રસપ્રદ નિરીક્ષણ કરી બાગાયાત ખેતીનું માર્ગદર્શન અને માહિતી મેળવી હતી. આ શિબિરમાં બાગાયત ખાતાના અધિકારી નિલેષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્રની મુલાકાત બાદ તમામ ખેડૂતોને મહુડી યાત્રાધામની સફળ યાત્રા કરાવી હતી.

## શહેરમાં ઈન્ટરનેશનલ કોન્ફરન્સને પગલે પોલીસનો લોખંડી બંદોબસ્ત

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિર ખાતે આગામી તા. ૧૫ ફેબ્રુઆરીથી એક સપ્તાહ સુધી ભારત સરકારના યજમાન પદે યુનાઈટેડ નેશન્સ દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં ૧૩૦ દેશના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહેશે. ત્યારે ઈન્ટરનેશનલ કોન્ફરન્સને પગલે વહીવટી તંત્ર રાત-દિવસ કામ કરી રહ્યું છે. જેથી કાર્યક્રમ અને વિદેશી મહેમાનોની સુરક્ષાને ધ્યાને રાખીને શહેરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જેમાં એક અઠવાડીયા સુધી ૧ આઈજી, ૭ એસપી, ૫૧ ડીવાયએસપી, ૧૨૦ પીઆઈ, ૧૬૦ પીએસઆઈ, ૨ હજાર પોલીસ જવાનો ખડેપગે હાજર રહેશે. રાજયના અલગ અલગ જિલ્લામાંથી સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખીને પોલીસ જવાનોને ગાંધીનગર ખાતે તૈનાત કરાયા છે.

## લિમ્બડીયા પાસે રોલર નીચે આવી જતા શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના લિમ્બડીયા ગામ નજીક માર્ગ નવિન બનાવવાનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન રોડ રોલર નીચે આવી જતા એક શ્રમિકનું મૃત્યું નિપજયું છે. માર્ગના ચાલી રહેલા કામ દરમિયાન થાક લાગતા શ્રમિક યુવાન માર્ગ પર બેઠો હતો,ત્યારે રોલરના ચાલકે આસપાસ જોયા વિના રોલર ચાલુ કરી જવા દેતા શ્રમિક યુવાન પર રોલર ફરી વળ્યુ હતું. જેને પગલે યુવાનનું મૃત્યું નિપજતા ડભોડા પોલીસે બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મધ્યપ્રદેશના જામ્બવા જિલ્લાના રાજપુરાના રહેવાસી ૨૮ વર્ષિય કન્હૈયા ગલીયાલાલા ભાભર કામઅર્થે આવ્યો હતો. ચિલોડા-નરોડા નેશનલ હાઈ વે નંબર-૮ પાસે મુખ્ય નર્મદા કેનાલના લિમ્બડીયા પુલ નજકી માર્ગના ગરનાળાનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરીમાં ૧૫ જેટલા શ્રમિકો કામ કરી રહ્યા છે.જેમાં કન્હૈયા પણ કામ કરી રહ્યો હતો. બપોરના સુમારે કામ પર થાક લાગતા તે માર્ગ પર આગળ જઈને બેઠો હતો. જયા રોડ રોલર પડ્યું હતું. ત્યારે રોડ રોલરના ચાલકે આસપાસ નજર નાંખ્યા વિના ચલાવ્યું હતું. જેને પગલે માર્ગ પર નજીક જ બેઠેલો કન્હૈયા રોલર નીચે આવી ગયો હતો. હોહા થતા ચાલકે રોલર ઉભુ રાખી દીધુ હતું. જો કે તે પહેલા જ કન્હૈયા પર રોલર ફરી વળતા તેનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મૃત્યું નિપજયુ હતુ.અકસ્માતને પગલે દોડી આવેલા સ્થાનિકોએ રોલરના ડ્રાઈવરનું નામ પુછતા તેએ અરશદ ઉલ મહમંદ અંસારી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ તે રોલર મુકીને ભાગી ગયો હતો. બનાવને પગલે લેબર સપ્લાય રાજુભાઈ નિનામા આ અંગે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે મૃતદેહનું પીએમ કરાવી રોલર ચાલક સામે ગુનો નોંધી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## દીપડાને કારણે ખેતરોમાં ભૂંડ-નીલગાયનો ત્રાસ અટક્યો..!!!

### દીપડાંની બીકના પગલે જંગલમાં થતી ગેરકાયદેસર વૃક્ષછેદન પ્રવૃત્તિ પર પણ અંકુશ આવ્યો છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના દોલારાણા વાસણા, ભૂંડિયા તથા પીપળજ જેવા સાબરમતી નદી કિનારાના સીમ વિસ્તારોમાં આજે પણ દીપડો ફરી રહ્યો છે અને તાજેતરમાં આ બાબતે કેટલાંક ગ્રામજનોએ પૃષ્ટિ કરી હતી. જો કે આ દીપડાંને કારણે આ વિસ્તારના ખેડૂતો ચિંતિત થવાને બદલે ખુશી વ્યક્ત કરી રહ્યાં છે કેમકે છેલ્લાં બે વર્ષના સમયગાળા દરમ્યાન આ વિસ્તારમાં દીપડાંની આવનજાવનને કારણે ખેતરોમાં રાત્રે નીલ ગાય અને ભૂંડનો જે અસહ્ય ત્રાસ હતો તેમાંથી મહદ્‌અંશે મુક્તિ મળી છે. વળી, કેટલાક પર્યાવરણપ્રેમીઓનું એવું પણ માનવું છે કે દીપડાંની હાજરીના કારણે જંગલ વિસ્તારમાં જે નાના-મોટા પાયે વૃક્ષછેદન પ્રવૃત્તિ થતી હતી તેમાં પણ રોક આવી છે અને ગેરકાયદેસર વૃક્ષ છેદન ઘટતા વનરાજીને ફાયદો થઈ રહ્યો છે.

પીપળજ વિસ્તારમાં વારસાગત કૌટુંબિક ખેતી ધરાવતા પરંતુ વ્યવસાયે સિવિલ એન્જિનીયર અને પર્યાવરણ પ્રેમી એવા અનિરૂદ્ધસિંહ ચાવડાના મતે પીપળજ, દોલારાણા, ભૂંડિયા તથા પેથાપુરની સીમ વિસ્તારમાં દીપડાની હયાતી છે તે બાબતના સગડ ગ્રામજનો પાસેથી મળતાં હોય છે. દીપડાનો મુખ્ય ખોરાક નીલગાય અને ભૂંડ છે તેથી દીપડાંની હયાતીને કારણે આ પ્રાણીઓ રાત્રે હરવાફરવાની કે ખેતરોમાં ચરવાની પ્રવૃત્તિ કરી શકતા નથી. આ ઉપરાંત દિવસે દીપડો ઝાડ પર ચઢીને રહેતો હોય છે તેથી ગેરકાયદેસર રીતે લીમડો કે અન્ય વૃક્ષો કાપીને લઈ જવાની પ્રવૃત્તિઓ કરનારા પણ દીપડાંના ડરથી સીમમાં જવાનું ટાળી રહ્યાં છે આ કારણે વૃક્ષ છેદનની પ્રવૃત્તિ પર પણ અંકુશ આવ્યો છે. હાલ ખેતરોમાં ઉભા પાક તરીકે ઘઉં છે તે ઉપરાંત બટાકાનું વાવેતર પણ જોવા મળે છે. આ બંને પાકને દીપડાંને કારણે ભૂંડ અને નીલગાયથી સલામતી મળી રહી છે અને ખેડૂતોને રાત્રે ખેતીની રખેવાળી કરવા માટે જાગવામાંથી મુક્તિ પ્રાપ્ત થઈ છે. તેથી ખેડૂતવર્ગ પણ દીપડાના વસવાટથી આનંદ અનુભવી રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે.

## છાલા પાસેથી ૧૮ લાખના મુદ્દામાલ સાથે વિદેશી દારૂનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૧૩

ચિલોડા-હિંમતનગર માર્ગ પર છાલા ગામ પાસેથી ચિલોડા પોલીસે બાતમીને આધારે વિદેશી દારુ-બિયરનો જંગી જથ્થો પકડી પાડ્યો છે. પોલીસે દારૂ, બિયર, ટ્રક, મોબાઈલ સહિત કુલ રૂ.૧૮ લાખના મુદ્દામાલ બે શખ્સોની અટકાયત કરી પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જયારે છાલા પાસેથી ઝડપી પાડેલો દારુનો જથ્થો હરીયાણા થી અમદાવાદ જઈ રહ્યો હતો તે સમયે પોલીસે છાલા પાસેથી ટ્રકમાંથી દારુનો જથ્થો પકડી પાડ્યો હતો.



પ્રાપ્ત માહિતી મુજબ દારુબંધી અમલવારીની કડક કામગીરીને પગલે ચિલોડા પીઆઈ એચ.એ.જાડેજા માર્ગદર્શનમાં તેમના સ્ટાફ કર્મચારીઓ સક્રિય હતા. તે સમયે હે.કો.દિગ્વિજયસિંહ તેમજ કોન્સ્ટેબલ મિલન કુમારને દારૂની હેરાફેરી અંગે સંયુકત રીતે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે છાલા પાસે ખાનગી ગાડીઓનો ખડકલો કરી આડશ ઉભી કરાઈ હતી. જેને પગલે પોલીસે છાલા પાસેથી ટ્રક નં.એચ.આર.૩૯ બી-૮૧૩૯ ને પકડી પાડી હતી અને ટ્રકમાં રહેલા ડ્રાઈવર મનજીત દારાસિંગ જાટ (રહે. નયાગાવ, હરીયાણા) તેમજ પ્રેમપાલસિંહ મીઠનલાલ જાટ (રહે.બીજૌલી ઉતરપ્રદેશ) નામના બે શખ્સો સામે હતા. પોલીસે ટ્રકમાં નજર કરતા કેલ્શિયમના બોકસ મુકેલા હતા. પોલીસે તે બોક્સ હટાવીને અંદર નજર કરતા તેમાંથી વિદેશી દારુની ૨૩૯ પેટીઓ અને ૮૭ પેટી બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ.૧૪,૦૨,૫૬૦ ની કિંમતનો વિદેશી દારુ તેમજ બિયરના ટીન મળીને કુલ ૪૯૫૬ થવા પામે છે. ચિલોડા પોલીસે દારુના જથ્થા અંગે પુછતા હરીયાણાના બહાદુરગઢ પાસેથી કુલવીંદર દહીયા (રહે.સોનીપત) ટ્રક આપીને અમદાવાદ જવાનું કહ્યું હતું. જેથી પોલીસે દારુ-બિયરનો જથ્થો, ટ્રક, મોબાઈલ સહિત મળીને કુલ રૂ.૧૮,૦૩,૦૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય વ્યકિત સામે પ્રોહિએકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર જીલ્લાના યુવાનો માટે વાયુસેનામાં એરમેન તરીકે જોડાવવા માટે સુવર્ણ તક

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જીલ્લાના અપરણિત પુરુષ ઉમેદવારો સંરક્ષણક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરી શકે તે હેતુથી ભારતીય વાયુદળમાં એરમેન તરીકે મેડીકલ આસિસ્ટન્ટ ટ્રેડની ભરતીરેલી યોજાનાર છે.

આ ભરતી રેલી આગામી ૧૭/૦૨/૨૦૨૦ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, ઉધના, મગદલ્લા રોડ, વેસુ, સુરત ખાતે યોજાશે. ગાંધીનગર જીલ્લાના ઉમેદવારો માટેની નિયત તા.૧૭/૦૨/૨૦ના રોજ ફીઝીકલ ફીટનેશ ટેસ્ટ અને લેખિત પરીક્ષા લેવાશે, જેમાં અપરણિત પુરુષ ઉમેદવારો જેમનો જન્મ તા.૧૭/૦૧/૨૦૦૦ થી ૩૦/૧૨/૨૦૦૩ વચ્ચે થયો હોય, જેમાં ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, અંગ્રેજી વિષયમાં ૫૦ ટકા માર્કસ જરૂરી છે. તેમજ તેમની ઓછામાં ઓછી ૧૫૨.૫ સેમી ઉંચાઈ અને ૫ સેમી છાતીનો ફુલાવો ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે.

ઉપરાંત ઉમેદવારોની ભરતી પ્રક્રિયા માટે સૌપ્રથમ ફીઝીકલ ફીટનેશ ટેસ્ટ લેવાશે અને તેમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોની લેખિત કસોટી લેવાશે. જેમાં ૧૬૦૦ મીટર દોડ ૬.૩૦ મીનીટમાં પૂર્ણ કરવાની રહેશે. આ ભરતીરેલીમાં ભાગ લેનાર ઈચ્છુક ઉમેદવારે ભરતી સ્થળ પર સવારે ૬ થી ૧૦ સુધીમાં તમામ શૈક્ષણિક લાયકાતના અસલ પ્રમાણપત્રો તેમજ તેની ઝેરોક્ષ નકલો તથા આધાર કાર્ડ જેવા ઓળખપત્ર અને જરૂરી દસ્તાવેજો સાથે પ્રવેશ મેળવવાનો રહેશે. ભરતીરેલીમાં જોડાઈ પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવે તે હેતુ જીલ્લાના નવયુવાનોને મોટી સંખ્યામાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવે છે, તેમજ વધુ માહિતી માટે વેબસાઈટ www.airmenselection.cdac.in તેમજ જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગરનો સંપર્ક કરવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## ઈ-વ્હીકલનો વપરાશ વધુ થાય તે માટે સરકાર પોલિસી અમલમાં મુકશે

### ઇ-વ્હીકલ આપણું ભવિષ્ય છે, જેના થકી પર્યાવરણનું પ્રદૂષણ ઘટાડી શકાય છે : મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ



ગાંધીનગર, તા.૧૩

ઈ-વ્હીકલ વધુમાં વધુ રોજિંદા જીવનમાં વપરાશમાં આવે, તેને પ્રોત્સાહિત કરવાના ઉમદા આશય સાથે રાજય સરકાર દ્વારા આગામી ટુંકા સમયમાં પોલિસી બનાવવામાં આવશે. આવા વાહનો આપણું ભવિષ્ય છે, જેના થકી પર્યાવરણનું પ્રદૂષણ ઘટાડી શકાય છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે યુ.જી.વી.સી.એલ.ને પાંચ ઈ-વ્હીકલ અર્પણ કરવાના સમારંભમાં ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું.

ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ઈ-વ્હીકલને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ઈ - વાહનો માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. રાજય સરકાર તેને પ્રોત્સાહન આપવા લીઝ પર ઈ-વાહનો લેવા કહ્યું હતું. કેન્દ્ર સરકારના આ ઉમદા અભિગમને સાર્થક કરવા માટે રાજય સરકારની કંપનીઓએ આ દિશામાં આગળ વધી રહી છે. સરકારના જુદા જુદા વિભાગને આ વિષયની માહિતી આપી છે. જીયુવીએનએલ( ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.) દ્વારા ૧૮ ઈ-વાહનો પાંચ વર્ષ માટે લીઝ પર લેવામાં આવ્યા છે. જેમાંથી ૫ વાહનો યુજીવીસીએલ લીધા છે. આ તમામ વાહનો ચાર્જિંગ સુવિધા સાથે લેવામાં આવ્યા છે.

ભવિષ્યમાં વાહનો વધુ કિલોમીટર ચાલી શકે તેવા આવશે, તેવો વિશ્વાસ વ્યકત કરીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઈ-વાહનોનો વપરાશ વધતા તેનો ચાર્જિંગ સ્ટેશનની પણ માંગ વધશે. આ કાર્ય સરકાર એકલી કરી શકે નહિ. જેથી સરકાર, કંપનીઓ અને ખાનગી રોકણ જેવા મોડલને અમલી બનાવીને વધુમાં વધુ ચાર્જિંગ સ્ટેશન પણ ખોલવાનું સુચારું આયોજન કરવામાં આવશે. રાજય સરકાર દ્વારા સોલારને પ્રોત્સાહન આપ્યું છે. આજે રૂટકોપ માં ૧ લાખથી વધુ અરજીઓ આવી છે. આજે ગાંધીનગર ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. ના ન્યુ ઈએમસી. સ્કાડા સેન્ટરની મુલાકાત પણ મંત્રીશ્રીએ લઈ સ્કાડાની કામગીરીની માહિતી મેળવી હતી. મંત્રીશ્રીના હસ્તે પાંચ ઈ-વ્હીકલ યુજીવીસીએલને અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેકટર શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર શ્રી પી.બી.પંડ્યા, અધિક્ષક ઈજનેર શ્રી (સાબરમતી) શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઈજનેર (આઈ.ટી) શ્રી વાય. એ. પરમાર તથા કંપનીના અધિકારી-કર્મયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## ભાટ પાસે જુગાર રમતા ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

અડાલજ પીઆઈ ડી.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે સમયે પીએસઆઈ આર.આર.બંસલને ભાટ ગામે વાણીયા વાસ ખાતે મકાનમાં જુગાર રમાઈ રહ્યો છે તેવી બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર રેઈડ કરતા પોલીસના હાથે ત્રણ શકુની ઝડપાઈ ગયા હતા. જે સ્થળ પર જુગાર રમાતો હતો ત્યાં ભાડેથી રહેતો શૈલેષકુમાર રતિલાલ પરમાર (ઉં.૩૪) તેમજ અમદાવાદ સરદારનગરના કિશન હજારીભાઈ વણઝારા (ઉં.૨૩) તેમજ નરેશ નટવરલાલ વણઝારાનો સમાવેશ થાય છે. પોલીસે ત્રણેય શકુનીઓને પકડી પાડી દાવ પરથી અને અંગઝડતી દરમિયાન રોકડ રકમ રૂ.૨૧,૨૭૦ તેમજ બે મોબાઈળ મળી ને કુલ રૂ.૨૬,૭૭૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી અડાલજ પોલીસે ત્રણેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કાશ્મીરના વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીમાં રેડીઓના વિવિધ પાસાઓ વિષે જાણકારી મેળવી




વિશ્વ રેડિયો દિવસના નિમિત્તે ગુજરાત સાયન્સ સિટીએ ગુરુવારે ડૉ. દર્શન ત્રિવેદી (ફેકલ્ટી મેમ્બર માયકા અને ફિલ્મમેકર) સાથે ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કર્યું હતું. જમ્મુ અને કશ્મીરની શાળાના વિદ્યાર્થીઓ ડૉ. ત્રિવેદી સાથે સેશનમા જોડાયા હતા તેમાં તેઓએ રેડિયોને લગતા વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી.

યુનાઈટેડ નેશન રેડિયોની સ્થાપના ૧૩ ફેબ્રુઆરી ૧૯૪૬ના રોજ થઇ હતી. ૧૪ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીએ યુનેસ્કોના વર્લ્ડ રેડિયો ડેના પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું. તેમના ૬૭મા સેશન દરમિયાન યુ.એન. જનરલ એસેમ્બલીએ ૧૩ ફેબ્રુઆરને વિશ્વ રેડિયો દિવસ જાહેર કરતા પ્રસ્તાવનો સ્વીકાર કર્યો હતો.

ડૉ. ત્રિવેદીએ સેશનની શરૂઆત વિદ્યાર્થીઓને રેડિયોની પેટન્ટ માટે માર્કોની અને ટેસલા વચ્ચે થયેલા સંઘર્ષની વાત થી કરી હતી. ત્યારબાદ તેઓએ એ.એમ.,એફ.એમ., સેટેલાઈટ રેડિયો, ઓનલાઈન રેડિયો અને હેમ રેડિયો વચ્ચેના ભેદ સમજાવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાતંત્ર ડોનાલ્ડ ટ્રમ્પ અને મહાત્મા મંદિર ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય સમીટને લઈ સતત દોડધામમાં વ્યસ્ત બન્યુ છે.
- વિધાનસભાના બજેટ સત્રને લઈ ધારાસભ્યો દ્વારા પુછાયેલા પ્રશ્નોનો મારો ક્ષેત્રીય કચેરીઓમાં વધી જતાં અને અધિકારીઓની વ્યસ્તતામાં વધારો થતાં તંત્રની કામગીરીમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે.
- વર્ષ ૨૦૨૪માં પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ એસેસમેન્ટ માટે પણ રાજ્યનું શિક્ષણ વિભાગ થનગની રહ્યુ છે. આ અંગેનો ટુંકમાં જ નિર્ણય લેવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લા ભાજપના ૫ હજાર કાર્યકરો તો ગાંધીનગર શહેર ભાજપના બે હજાર કાર્યકરો ''કેમ છો ટ્રમ્પ'' કાર્યક્રમમાં હાજરી આપવા મોટેરા પહોંચશે. આ માટે આજે સંકલન સમિતિની બેઠક પણ યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં આંતરિક રસ્તાઓની સફાઈના અભાવે તેમજ કચેરીઓની બહાર પણ ગંદકીના ઢગલા બહુ ખડકાતા મ્યુનિ. તંત્ર દોડતુ થયુ છે.
- કોબામાં આજે ગ્રામસભાનું આયોજન સવારે કરવામાં આવ્યું હતું.